# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-11-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીનો આજથી રાજ્યવ્યાપી શુભારંભ થયો
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી યુનિટી માર્ચનું જૂનાગઢથી પ્રસ્થાન કરાવ્યું
3. ગુજરાત ATSએ આતંકી પ્રવૃતિ સાથે સંકળાયેલા ત્રણ શખ્સની ધરપકડ કરી
4. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ઝડપી, સરળ અને પારદર્શક ન્યાય એ દરેક નાગરિકનો બંધારણીય અધિકાર
5. પ્રાકૃતિક ચિકિત્સા પર્વની ઉજવણી અંતર્ગત અમદાવાદમાં 685 લોકોએ એક સાથે વૃક્ષાસન કરી વિશ્વ વિક્રમ સર્જ્યો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# TEKA NA BHAV

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગાંધીનગરના દહેગામ ખાતેથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી વાઘાણીએ ખેડૂતો સાથે વાતચીત પણ કરી હતી. બજાર કરતા વધુ ભાવે જણસીની ખરીદી કરવા બદલ ખેડૂતોએ રાજ્ય સરકારનો આભાર માન્યો.

(બાઇટ : ખેડૂત)

ઉલ્લેખનીય છે કે, ખેડૂતો પાસેથી 15 હજાર કરોડથી વધુની કિંમતની મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવામાં આવી રહી છે. આજથી શરૂ થયેલી ખરીદીનું ગાંધીનગરના કૃષિ ભવન ખાતેથી લાઈવ મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. રાજ્યભરમાં કુલ 97 કેન્દ્રો પર આજથી  ખરીદીની શરૂ કરવામાં આવી છે, જ્યારે આવતીકાલથી રાજ્યના કુલ 300 કેન્દ્રો પરથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે.

-------------

# JITU VAGHANI – MSP

રાજ્યમાં સુચારુ અને પારદર્શક રીતે ટેકાના ભાવે ખરીદી સુનિશ્ચિત કરવા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને જરૂરી સૂચનો કર્યા હતા. તે અંતર્ગત નોંધાયેલા ખેડૂતોને અગાઉથી જ જણસી લઈને આવવાની તારીખ અંગે SMSના માધ્યમથી જાણ કરાશે.

આ વખતે પ્રથમવાર ટેકાના ભાવે ખરીદી પોઇન્ટ ઓફ સેલ મશીન કે ફેસ રેકગ્નિશન દ્વારા કરવામાં આવી રહી છે. ઉપરાંત, વેચાણ કરવા આવી ન શકે તેવા ખેડૂતો માટે પ્રતિનિધિ નિયુક્ત કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ખરીદી બાદ ટૂંક જ સમયગાળામાં ખેડૂતોને DBT માધ્યમથી તેમના બેંક ખાતામાં ચૂકવણું કરાશે.

-------------

# TEKA NA BHAV – DISTRICTS

કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયાએ પોરબંદરના માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદીનો આજે પ્રારંભ કરાવ્યો હતો. ખરીદીને લઈને ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. જિલ્લામાં ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે 35 હજાર 106 ખેડૂતોએ નોંધણી કરાવી છે.

બીજી તરફ જામનગર જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ થતાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે હાપા માર્કેટિંગ યાર્ડની મુલાકાત લઈ વ્યવસ્થાઓની સમીક્ષા કરી. જિલ્લામાં વિવિધ ૪ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે.

-------------

# CM UNITY MARCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત આજે રાજ્યવ્યાપી યુનિટી માર્ચનું જૂનાગઢથી પ્રસ્થાન કરાવ્યું. જૂનાગઢ મુક્તિ દિવસના અવસરે બહાઉદ્દીન કોલેજથી શરૂ થયેલી સરદાર@150 પદયાત્રાનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે કહ્યું, આ યુનિટી માર્ચ 'એક ભારત, આત્મનિર્ભર ભારત'ની વિભાવનાને ચરિતાર્થ કરી એકતાનો પાયો વધુ મજબૂત બનાવશે. તેમણે ઉમેર્યું, સરદાર પટેલે 562 દેશી રજવાડાઓનું વિલિનીકરણ કરીને એક અને અખંડ ભારત બનાવ્યું હતું.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી)

આ પ્રસંગે શ્રી પટેલે આરઝી હકુમતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું શાલ ઓઢાડીને સન્માન કર્યું.

-------------

# GUJARAT ATS TERRORIST

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી- ATSએ આતંકી પ્રવૃતિ સાથે સંકળાયેલા ત્રણ શખ્સની ધરપકડ કરી છે. મળેલી બાતમીને આધારે ATSએ તપાસ કરતા ગાંધીનગરના અડાલજ પાસેથી અહેમદ મોહીયુદીન નામના શખ્સને ઝડપી લીધો હતો. તેની પાસેથી 3 પિસ્તોલ અને 30 જીવતા કારતૂસ મળી આવ્યા હતા. ત્યારબાદ તે શખ્સની પૂછપરછ અને તેના મોબાઈલમાંથી મળેલી વિગતોને આધારે બનાસકાંઠામાંથી અન્ય બે શખ્સની અટકાયત કરવામાં આવી.

આ અંગે વધુ માહિતી આપતા ગુજરાત ATSના નાયબ પોલીસ મહાનિરીક્ષક સુનિલ જોશીએ જણાવ્યું, અદાલતે આરોપી અહેમદ મોહીયુદીન સૈયદના 17 નવેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

(બાઇટ : સુનિલ જોશી- DIG- ATS)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# HARSH SANGHAVI TAPI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ઝડપી, સરળ અને પારદર્શક ન્યાય એ દરેક નાગરિકનો બંધારણીય અધિકાર છે. તાપી જિલ્લાના ઉચ્છલ ખાતે નવનિર્મિત અદ્યતન સિવિલ ન્યાય મંદિરનું લોકાર્પણ કરતા

શ્રી સંઘવીએ કહ્યું, ન્યાયની પારદર્શિતા અને સુલભતા માટે સરકાર પ્રતિબદ્ધ છે.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

તાપી જિલ્લાના પ્રવાસ દરમિયાન શ્રી સંઘવીએ આજે ડોલવણ ખાતે જનજાતિય ગૌરવ યાત્રામાં સહભાગી થયા. આ દરમિયાન તેમણે આદિવાસી બોલીમાં કેટલાક અંશનું સંબોધન કરી આદિવાસી લોકોનો ઉત્સાહ વધાર્યો.

-------------

# RAJYPAL-NATUROPATHY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અમદાવાદમાં નેચરોપેથી – પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વનો આજે શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે 'નેચરોપથી ડે' અને 'પ્રાકૃતિક ચિકિત્સા દિવસપર્વ'ના કટ આઉટનું અનાવરણ કર્યું હતું. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૬૮૫ લોકો દ્વારા કરાયેલા સામૂહિક વૃક્ષાસન અને ધૂપસ્નાનને એશિયા બુક ઓફ રેકોર્ડ દ્વારા વિશ્વ વિક્રમ જાહેર કરાયો.

-------------

# DANG-JANJATI-GAURAV-YATRA

જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી અંતર્ગત વલસાડથી શરૂ થયેલી જનજાતિય ગૌરવ યાત્રા આજે  ડાંગ જિલ્લાના વઘઇ ખાતે આવી પહોચતા નાગરિકો દ્વારા સ્વાગત કરાયું હતું.

આ પ્રસંગે આદિજાતી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી નરેશ પટેલ સહિતના મહાનુભાવો સહભાગી થયા હતા.

“જન જાતિય ગૌરવ રથ યાત્રા” નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં કુલ ૨ કરોડ ૭૧ લાખ રૂપિયાથી વધુના ૫૯ જેટલા વિકાસ કામોનું ખાતમુહુર્ત તેમજ  ૧ કરોડ રૂપિયાથી વધુના ૩૦ જેટલા વિકાસકામોનું લોકાર્પણ કરાયું.

------------

# PATAN NSS

પાટણમાં યોજાયેલી રાષ્ટ્રીય સેવા યોજનાના પશ્ચિમ ઝોન પૂર્વ ગણતંત્ર દિવસ પરેડ શિબિર 2025નું આજે સમાપન થયું. આ તાલીમ શિબિરમાં આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, દિવ, દમણ, દાદરા નગર હવેલીના 200 જેટલા NSS સ્વયંસેવકો જોડાયા હતા. આ કેમ્પમાંથી 40 સ્વયંસેવકની પસંદગી કરવામાં આવી છે જે  આગામી 26 જાન્યુઆરી 2026 ના રોજ દિલ્હી ખાતે કર્તવ્ય પથ પર યોજાનાર રાષ્ટ્રીય દિન પરેડમાં ભાગ લેશે.

------------

# POLO-FOREST

સાબરકાંઠા જિલ્લામાં આવેલા પોળોના જંગલોમાં પ્લાસ્ટીકના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અમારાં પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે પ્લાસ્ટીકના ઉપયોગથી પર્યાવરણ તેમજ વન્ય પ્રાણીઓને થતુ નુકશાન અટકાવવા આ નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે પોળોના જંગલોમાં ૧૪ જેટલા પૌરાણિક જૈન મંદિર તથા શારણેશ્વર મંદિર જેવા અતિપ્રાચીન મંદિર આવેલા છે. સમગ્ર ગુજરાતથી અનેક લોકો આ જંગલની મુલાકાતે આવે છે.

-------------

# BOTAD—FIRE AWARD

બોટાદની વિભાગીય અગ્નિશમન દળના મથકને ફાયર સર્વિસ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. અમદાવાદ ખાતે યોજાયેલા સમારોહમાં તેને “SAFE INDIA BRAVERY AWARDS 2025” એનાયત કરાયો. આ કાર્યક્રમનો હેતુ ફાયર સર્વિસ, રેસ્ક્યુ અને જાહેર સુરક્ષામાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારીઓ તથા વિભાગોને પ્રોત્સાહન આપવાનો છે

-------------

# ANKLESHWAR---FIRE

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર પાનોલી વચ્ચે હાઇવેને નજીક આવેલા પ્લાસ્ટિક વેસ્ટ ગોડાઉનમાં આગની ઘટના બની હતી. જે આસપાસના અન્ય બે ગોડાઉનો સુધી પ્રસરી હતી. ઘટનાને પગલે અંકલેશ્વર ઉપરાંત પાનોલી ફાયર વિભાગને જાણ કરાતા ચાર થી પાંચ જેટલા ફાયરની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

-------------

# SIR - DISTRICT

મોરબી જિલ્લા ચૂંટણી અધિકારીએ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ – SIR અન્વયે ગણતરી ફોર્મ વિતરણની કામગીરીની સમીક્ષા માટે જિલ્લાની ત્રણેય વિધાનસભા વિસ્તારની મુલાકાત લીધી હતી, દરમિયાન મતદારોને ફોર્મ ભરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. Booth Level Officer (BLO) ને મતદારોને ફોર્મ ભરવામાં મદદ કરવા અને મતદારોને આ રાષ્ટ્રીય કામગીરીમાં સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી.

-------------

# CHHOTA UDEPUR ROADS

છોટાઉદેપુર જિલ્લામાં કમોસમી વરસાદથી નુકસાનગ્રસ્ત થયેલા માર્ગોનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. તે અંતર્ગત નસવાડી-કવાંટના 38 કિલોમીટરનો માર્ગ, કવાંટ-છોટાઉદેપુરનો 25 કિલોમીટરનો માર્ગ, જેતપુર પાવી – ચલામલીનો 10 કિલોમીટરનો માર્ગ, છોટાઉદેપુર–કેવડીના 27 કિલોમીટરના માર્ગોનું પેચવર્ક કરવામાં આવી રહ્યું છે. જેથી સ્થાનિકોને વાહનવ્યવહારમાં સુગમતા રહેશે.

-------------